# N-01(G)

(MARCH, 2011)

| Set No. Of Question Paper | |
|---|---|
| 0 | 4 |

## PART - A

**Time : 75 minutes]** **[Maximum Marks : 50**

**સૂચનાઓ :-**

(1) નીચે આપેલા **50** હેતુલક્ષી પ્રશ્નો આ ભાગમાં આપ્યા છે જો કે બધા જ ફરજિયાત છે.

(2) નીચે આપેલા પ્રશ્ન નંબર **1** થી **50** સુધી છે દરેક પ્રશ્ન **1** ગુણનો છે.

(3) આપને અલગથી આપેલ **O.M.R.** પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) ○, (B) ○, (C) ○, (D) ○ આપેલ છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ○ (વર્તુળ) ને પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

**1** થી **50** પ્રશ્નોના નીચે આપેલા **4** જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી સાચા વિકલ્પનો ક્રમ અક્ષર પર સીટમાં પેનથી ઘટ્ટ કરવું. (પ્રત્યેકનો **1** ગુણ)

**1.** દાદા કેસરીસિંઘના મતે આખા દેશને કોણે કાળો કરી નાખ્યો છે?
(A) સફેદ કપડાંવાળા રાજકારણીઓએ (B) ભ્રષ્ટાચારીઓએ
(C) આતંકવાદીઓએ (D) પરદેશીઓએ

**2.** 'જક્ષણી' વાર્તામાં લેખકે ધણીને કેવો કહ્યો છે?
(A) બાયલો (B) અજગર
(C) સુરભિસુત (D) વહુઘેલો

**3.** નર્મદે કેળવણીને કેવી કહી છે?
(A) દુર્ગુણોને કાઢનારી (B) ગુસ્સો વધારનારી
(C) કુસંગે ચડાવનારી (D) કુકર્મો કરાવનારી

**4.** 'સ્ત્રીકેળવણી' પાઠના લેખકનું નામ જણાવો.
(A) સ્વામી આનંદ (B) કાકા કાલેલકર
(C) ઉમાશંકર જોષી (D) નર્મદાશંકર લાલશંકર દવે

**5.** વિક્ટોરિયા ટર્મિનલ કઈ સાલમાં બંધાયું હતું?
(A) 1788 (B) 1988
(C) 1688 (D) 1888

**6.** લોચન અને મન વચ્ચે કઈ બાબતે ઝઘડો થયો?

(A) શ્રીકૃષ્ણ સાથે પહેલી પ્રીત કોણે કરી?

(B) શ્રીકૃષ્ણનાં દર્શન સૌથી પહેલાં કોને થયાં?

(C) શ્રીકૃષ્ણની રાસલીલા સૌથી પહેલી કોણે સાંભળી?

(D) શ્રીકૃષ્ણ સાથે સૌથી પહેલી કોણે વાત કરી?

**7.** કવિ શામળે કાગળને કેવો કહ્યો છે?

(A) સ્વાર્થી (B) પરમાર્થી

(C) ધંધાર્થી (D) સમાનાર્થી

**8.** ગંગાસતી નિત્ય શું કરવાની સલાહ આપે છે?

(A) પૂજા (B) સત્સંગ

(C) આનંદમાં રહેવાની (D) તપ-ત્યાગ

**9.** હીરો છાણના મૂલે ક્યારે વેચાય છે?

(A) શૅરબજારમાં મંદી આવતાં (B) ઝવેરીના હાથમાં આવતાં

(C) મૂરખના હાથમાં આવતાં (D) બાળકના હાથમાં આવતાં

**10.** દુર્યોધને મોકલેલો દૂત દેખાવમાં કેવો હતો?

(A) સુંદર અને સોહામણો (B) અભિમાની અને કુર

(C) ઘાતકી અને દુષ્ટ (D) મિલનસાર અને ઉદાર

**11.** 'જૂનું પિયરઘર' કાવ્યનો પ્રકાર જણાવો.

(A) પદ (B) સૉનેટ

(C) આખ્યાન (D) ઊર્મિકાવ્ય

**12.** રેખાંકિત વિભક્તિ-પ્રત્યય કઈ વિભક્તિ દર્શાવે છે? કૂંપળોથી આખું વન પલપલી રહે છે.

(A) દ્વિતીયા (કર્મ) (B) પંચમી (અપાદાન)

(C) તૃતીયા (કરણ) (D) સપ્તમી (અધિકરણ)

**13.** રેખાંકિત પદનો વિભક્તિ પ્રકાર જણાવો.

ઊંઘતા ને માથે ઓળો મોત નો.

(A) ચતુર્થી (B) પંચમી

(C) પ્રથમા (D) ષષ્ઠી

**14.** નીચેના વાક્યોમાંથી કયુ પદ 'નિપાત' છે તે જણાવો.

પ્રકૃતિ જ મારી મા રહી છે

(A) મા (B) રહી

(C) જ (D) છે.

**15.** રેખાંકિત કૃદન્તનો પ્રકાર જણાવો.

ફાગણમાં વૃક્ષો પરથી સૂરજને ખરતો જોઉ છું.

(A) ભૂત કૃદન્ત (B) વિધ્યર્થ કૃદન્ત

(C) ભવિષ્ય કૃદન્ત (D) વર્તમાન કૃદન્ત

**16.** 'સ્ત્રીઓએ ભણવું જોઈએ.' આ વાક્યનું પ્રેરક વાક્ય શોધીને લખો.

(A) સ્ત્રીઓને ભણાવે છે. (B) સ્ત્રીઓથી ભણાય છે.

(C) સ્ત્રીઓને ભણાવવી જોઈએ. (D) સ્ત્રીઓને ભણાવાય છે.

**17.** નીચે આપેલાં વાક્યોમાંથી કર્તરિ વાક્ય શોધીને લખો.

આજે ચાંદાથી ફાંટ ભરીને ચાંદની લવાશે.

(A) આજે ચાંદો ફાંટ ભરીને ચાંદની લેતો આવશે.

(B) આજે ચાંદો ફાંટ ભરીને ચાંદની લાવશે.

(C) આજે ચાંદો ફાંટ ભરીને ચાંદની લાવવાનો છે.

(D) આજે ચાંદો ફાંટ ભરીને ચાંદની લાવનાર છે.

**18.** કવિનો પ્રશ્ન કોણ ડૂબાવે છે?

(A) ઝરણું
(B) પર્વત
(C) વીજળી
(D) વડ

**19.** 'તીર્થોત્તમ' કાવ્યના કવિની કઈ પ્રબળ ઈચ્છા હતી?

(A) મંદિરની પ્રદક્ષિણા કરવાની
(B) પ્રભુનાં દર્શન કરવાની
(C) ભક્તિ કરવાની
(D) ગરીબોને જમાડવાની

**20.** 'ને આંસુડે વાવે છે અમરવેલ' આ પંક્તિ કયા કાવ્યની છે?

(A) અદીઠો સંગાથ
(B) તીર્થોત્તમ
(C) પ્રશ્ન
(D) કુંજલડી રે

**21.** સિક્કો ઉછળતાં તેનું શું થાય છે?

(A) કૂવામાં પડી જાય છે.
(B) ગરીબ છોકરાના હાથમાં આવી જાય છે.
(C) બાજુના મકાનમાં પડી જાય છે.
(D) હવામાં ગાયબ થઈ જાય છે.

**22.** કુંજલડી શેના પર સંદેશો લખવાનું કહે છે?

(A) કાગળ પર
(B) પોતાની પાંખ પર
(C) તામ્રપત્ર પર
(D) પાટી પર

**23.** ધૂપસળીના દૃષ્ટાંત દ્વારા કયો બોધ મળે છે?

(A) સ્વાર્થનો
(B) સહનશીલતાનો
(C) પરોપકારનો
(D) ઉદારતાનો

**24.** શિખરિણી છંદની પંક્તિ શોધીને લખો.

(A) દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઉકલ્યાં આપ રૂડાં

(B) રે પંખીડાં! સુખથી ચણજો ગીત વા કોઈ ગાજો

(C) હજી તારી કાયા મુજ નયન સામે ઝળહળે

(D) ધીમેધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય

**25.** રૂઢિ પ્રયોગનો અર્થ લખો : લોહી ઊકળવું

(A) લોહી ગરમ થવું

(B) ખૂબ ગુસ્સો (ક્રોધ) આવવો

(C) નારાજ થવું

(D) નાસીપાસ થવું

**26.** કહેવતનો અર્થ લખો : મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે

(A) મોર સુંદર હોય તેથી ..

(B) હોશિયાર માતા પિતાનાં સંતાનમાં કંઈ કહેવા પણું ન હોય

(C) ઈંડાં સુંદર ચીતરેલાં જ હોય

(D) મોરનું ઈંડું ચીતરેલું જ હોય ...

**27.** 'આબરૂ' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

(A) અભિમાન (B) પદ

(C) પ્રતિષ્ઠા / કીર્તિ (D) હોશિયાર

**28.** 'દાબડો' શબ્દનું શિષ્ટ રૂપ લખો.

(A) દાબણિયું (B) ડબ્બો

(C) પૈસા (D) ધાબરો

**29.** લાભશંકર ઠાકરનું ઉપનામ લખો.

(A) દ્વિરેફ (B) પુનર્વસુ

(C) સારસ્વત (D) વાસુકિ

**30.** 'અંઈ તો ભઈ, ચારે બાજુ ઉકરડા જ ઉકરડા હતા અને મા' દેવની ચોફેર તો નર્યા હાપ! '
આ વાક્ય કોણ બોલે છે?

(A) મણિબા (B) સ્વામીજી

(C) લેખક (D) ગેબીનાથ દાદા

**31.** મૃણાલે ગુસ્સે થઈને વિલાસનો કાન મરડી નાખ્યો, કારણ કે .....

(A) વિલાસે પૃથિવીવલ્લભનાં વખાણ કર્યાં હતાં.

(B) મૃણાલ વિલાસને બોધપાઠ આપવા માગતી હતી.

(C) વિલાસ મૃણાલને ઉશ્કેરવા માગતી હતી.

(D) વિલાસ મૃણાલને નીચી દેખાડવા માગતી હતી.

**32.** આકાશમાં શેનો મહોત્સવ જામ્યો હતો?

(A) નક્ષત્રોનો (B) વાદળાંઓનો

(C) પ્રકાશનો (D) અંધકારનો

**33.** ભૂતળ કઈ બાબતમાં બ્રહ્મલોકથી ચઢિયાતું છે?

(A) શક્તિની બાબતમાં (B) ભક્તિની બાબતમાં

(C) આસક્તિની બાબતમાં (D) વિરક્તિની બાબતમાં

**34.** 'વિદ્યા ભણિયો જેહ ....' છપ્પાના કવિનું નામ જણાવો.

(A) અખો (B) ધીરો ભગત

(C) શામળ (D) દયારામ

- નીચેનો ગદ્યાંશ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે, પરંતુ પરિ સમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજુ કર્તવ્ય જાત પર કાબૂ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઈ જાય તો વિશ્વની કોઈ પણ તાકાત તેને અટકાવી શકે નહીં. ત્રીજુ કર્તવ્ય સેવાભાવનાનું છે. સેવા જ્ઞાન નથી. મહાભારતના યક્ષ પર્વમાં 'વૃદ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.' તે પ્રકારની કથા છે. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય સાવધાન રહેવું તે છે. દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ. બુદ્ધિ સંકુચિત ન જોઈએ અને દિલ તથા દિમાગ વિશાળ કરવાં જોઈએ.

**35.** વિદ્યાર્થીનાં ચાર કર્તવ્યોમાં શાનો સમાવેશ થતો નથી?

(A) સ્વનિયંત્રણ (B) સાવચેતી

(C) સેવાભાવના (D) સ્વચિંતન

**36.** ગદ્યખંડમાં કયા વિષય વિશે વાત કરવામાં આવી છે?

(A) વિદ્યાર્થીનું શિક્ષણ કાર્ય (B) વિદ્યાર્થીના અપેક્ષિત કર્તવ્યો

(C) વિદ્યાર્થીના હક્કો (D) વિદ્યાર્થીમાં રમત ગમતની ભાવના

- નીચેનો કાવ્યાંશ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો.

આ ગુજરાતને જન્મ મળ્યો છે;
　　ગોદ ન એની ભૂલું!
આ ગુજરાતને મરમ મળ્યો છે;
　　ભારત ગગને ઝૂલું.
આ ગુજરાતે
　　અલખ નિરંજન ગિરનારે મેં સૂધ્યો
દિલાવરીનો છોડ.

**37.** 'જ્ઞાન મળ્યું છે' એમ કહેવા કવિએ કયો શબ્દ વાપર્યો છે?

(A) ધરમ મળ્યો (B) જનમ મળ્યો

(C) મરમ મળ્યો (D) ગિરનાર મળ્યો

**38.** ગુજરાતના લોકોના કયા સદ્‌ગુણને કવિ બિરદાવે છે?

(A) ગંભીરતા (B) સાહસિકતા

(C) પ્રામાણિકતા (D) ઉદારતા

**39.** શેરીમાં ફટાકડા ક્યારે ફૂટ્યા?

(A) ગિલો છકડો લઈને આવ્યો ત્યારે

(B) ગિલાને ત્યાં ટીવી આવ્યું ત્યારે

(C) ગિલાની નાતમાં પ્રતિષ્ઠા વધી ત્યારે

(D) ગિલાની જાન આવી ત્યારે

**40.** 'ટાઈમટેબલ' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) એકાંકી (B) નવલકથાખંડ

(C) નવલિકા (D) હાસ્ય નિબંધ

**41.** મહુડો કઈ બે ઋતુની સાંકળ બની રહે છે?

(A) વર્ષા - શિશિર (B) ગ્રીષ્મ - હેમંત

(C) વસંત - ગ્રીષ્મ (D) શરદ - વસંત

**42.** સ્વામીજી કોને મહાન કવિતા કહે છે?

(A) પ્રકૃતિને (B) કવિના શબ્દોને

(C) પંખીના કલરવને (D) શીતળ પવનને

**43.** અબ્દુલ કલામની આત્મકથા 'વીન્ગ્ઝ ઑફ ફાયર' નો અનુવાદ 'અગનપંખ' કોણે કર્યો છે?

(A) અરુણ તિવારી (B) હરેશ ધોળકિયા

(C) સુધા મૂર્તિ (D) બકુલ ધોળકિયા

**44.** ગાંધીજીએ કાકા સાહેબ કાલેલકરને કયા શબ્દોથી નવાજ્યા છે?

(A) સવાઈ ગુજરાતી (B) લોક સેવક

(C) ગુજરાતનું નાક (D) રાષ્ટ્રીય પુરુષ

**45.** 'વાસુકિ' ઉપનામ કયા સર્જકનું છે?

(A) ગૌરીશંકર જોષી (B) ઉમાશંકર જોષી

(C) સુરેશ જોષી (D) શિવકુમાર જોષી

**46.** 'એથીયે વધારે <u>કર્ણપ્રિય</u> અવાજ તો દૂરથી બોલતા કોઈ પંખીનો છે'
રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

(A) ઉપપદ (B) તત્પુરુષ

(C) કર્મધારય (D) દ્વન્દ્વ

**47.** કણસલાં ગૂંદીને કે ઝૂડીને અનાજ કાઢવાની જગા -
શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

(A) ખળું (B) ઓસરી

(C) ભાગોળ (D) ખેતર

**48.** અલંકાર ઓળખાવો : 'મહુડા માથા ઉતારતા યોગી જેવા લાગે છે.'

(A) રૂપક (B) સજીવારોપણ

(C) ઉત્પ્રેક્ષા (D) ઉપમા

**49.** 'રૂપક' અલંકારનું ઉદાહરણ દર્શાવો.

(A) શિશુ સમાન ગણી સહદેવને

(B) વદન સુધાકરને રહુ નિહાળી

(C) યામિની વ્યોમસરમાંહે સરતી

(D) ને આ બુઠો વડ પણ નકારે જ માથુ હલાવી.

**50.** 'મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌનશિખરો' - આ પંક્તિનો છંદ જણાવો.

(A) મંદાક્રાન્તા (B) પૃથ્વી

(C) શિખરિણી (D) હરિગીત

---

# N-01(G)

**(MARCH, 2011)**

## PART - B

***Time : 2 Hours]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :-**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ **ચાર** વિભાગ છે.

(2) **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.

(3) જમણી બાજુનાં આંકડા પ્રશ્નનાં કુલ ગુણ દર્શાવે છે.

## SECTION - A

● નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો. **4**

**1.** 'જક્ષણી' પાઠને આધારે વીશીના મહારાજનું વર્ણન કરો.

**અથવા**

**1.** 'છકડો' વાર્તાનો અંત તમારા શબ્દોમાં લખો.

● નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. **4**

**2.** ટાઈમ ટેબલ બનાવવામાં લેખકનો કેટલો સમય ગયો? શા માટે?

**3.** પાનખર ઋતુમાં મહુડાનાં વૃક્ષો કેવાં લાગે છે?

**અથવા**

**3.** આક્કાના મૃત્યુની તેની મા પર શી અસર પડી?

● નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો. **3**

**4.** 'અતિજ્ઞાન' શીર્ષકની યોગ્યતા ચર્ચો.

**અથવા**

**4.** 'રક્ષક જ ભક્ષક બને' એ ચોપાઈમાં શામળે આપેલાં દૃષ્ટાંતો વર્ણવો.

● નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો. **4**

**5.** પ્રકૃતિનાં તત્ત્વોએ કવિના પ્રશ્નનો શો ઉત્તર વાળ્યો?

6. 'તીર્થોત્તમ' ના કાવ્ય નાયકને પ્રભુદર્શન કયાં અને કેવી રીતે થયું?

**અથવા**

6. 'જૂનું પિયર ઘર' કાવ્યમાં નાયિકાનાં કયાં સ્મરણો તાજાં થાય છે?

## SECTION - B

● નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો : **5**

7. ''પુસ્તક આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી અને સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની એવી મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને ક્યારેક તો માત્ર પુસ્તક પાસે જ તે ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ, ધબકાર, જ્ઞાન, માહિતી કંઈ કેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. દીવા ની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકે નથી.''

**– શ્રી મોહમ્મદ માંકડ**

8. નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો : **5**

ઝેરનું અમૃત બનાવી દઉં પરંતુ મુજ કને,
પ્રીત મીરાંની નથી, નરસિંહનું કીર્તન નથી.

**અથવા**

8. ચહું થાવા હુંયે મધુર ખીલતું પુષ્પ નવલું,
પરંતુ ના ઈચ્છા જીવન જીવવા તાડ તરુનું.

## SECTION - C

9. 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત તમારી શાળામાં કઈ કઈ પ્રવૃત્તિઓ યોજવામાં આવી? તેની વિગતો દર્શાવતો પત્ર તમારા મિત્રને લખો. **5**
(પત્રમાં તમારું નામ, સરનામું કે સહીનો ઉલ્લેખ કરવો નહિ.)

10. 'નિર્મળ ગુજરાત' પર આધારિત તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાનનો આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો. **5**

## SECTION - D

**11.** નીચેનો ગદ્યાંશ ભાષાશુદ્ધિની રીતે સુધારીને ફરીથી લખો. **3**

(જોડણી, અનુસ્વાર, વિરામચિહ્નો, અનુગ, નામયોગી યોગ્ય રીતે મૂકો.)

જગતમા પત્ની વિનાની વિધૂરની સ્થિતિ બહુ વિચિત્ર છે એટલી બધી વિચિત્ર કે તેને ખાતર શબ્દ પણ જડતો નથી. સ્ત્રી પરણી ન હોય તો કુમારિકા, ધણી જીવતો હોય તો સૌભાગ્યવતી, ધણી પ્રવાસે ગયો હોય તો પ્રોષિત ભર્તૃકા, મરી ગયો હોય તો વિધવા.

**12.** કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો. **4**

સંસ્કૃતિ પ્રકૃતિની પાછળ ભલે ના રહે, પણ એ પ્રકૃતિને ભૂલીને ચાલવા જશે તો અવળે રસ્તે ચડી જવા જેવું થશે. (રૂઢિપ્રયોગ વાપરો.) પ્રકૃતિએ કોઈનીય મહેરબાની પર નભવાનું આવે ત્યારે જીવનમાં કયાંક બધિરતા પ્રવેશી ગઈ છે એમ માનવું પડે. સંસ્કૃતિ તો હંમેશાં પ્રકૃતિની ગોદમાં જ પાંગરી છે. વૃક્ષો આની સાક્ષી પૂરશે. શાસ્ત્રો આની સાક્ષી પૂરશે. (સંયોજક મૂકી વાક્ય બનાવો.) હું પ્રકૃતિ ભણી પાછા વળવામાં મરણનો (વિરુદ્ધાર્થી શબ્દ મૂકો.) નવોન્મેષ (સંધિ છોડો.) જોઉ છું.

● **ગમે તે એક** વિષય પર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. **8**

**13.** ભ્રષ્ટાચાર ભગાવો - ભારત બચાવો

(1) પ્રસ્તાવના

(2) ભ્રષ્ટાચારનાં ક્ષેત્રો

(3) ભ્રષ્ટાચારીઓ અને તેઓનાં અધમ કૃત્યો

(4) ભ્રષ્ટાચાર આચરવાનાં કારણો

(5) ભ્રષ્ટાચાર દૂર કરવાના ઉપાયો

(6) ઉપસંહાર

**અથવા**

**13.** જનતા : લોકશાહીનું સાચું બળ

(1) પ્રસ્તાવના

(2) લોકશાહીમાં ચૂંટણીઓ

(3) શાસકોના પ્રકાર

(4) જનતાની તાકાત

(5) ઉપસંહાર